
**Veer Narmad**
**South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–दक्षिणायन
## Dakshinayan e-Newsletter
For Private Circulation Only

Vol. 13, Issue. 233, May 2022

**तेरह साल तक मेरी पदयात्रा चली। उसमें अगर मैंने कोई काम कीया तो शिक्षक और विद्यार्थी का ही। जो शिक्षक होता है वही विद्यार्थी भी होता है। जो शिष्य नहीं होगा वह गुरू भी नहीं होगा। इसलिए शिक्षक और विद्यार्थी दोनों एक ही हैं। मैंने भी जीवनभर अध्ययन-अध्यापन का ही काम किया है। ऐसा एक भी दिन नहीं गया, जब मैंने कोई नया ज्ञान हासिल न किया हो और पुराने का चिंतन न किया हौ। चिंतन को समय न मिलने पर मेरा चित्त बिना जल के मछली की तरफ तड़पता है। तो शिक्षकों की जमात मेरी अपनी जमात है।**

**– विनोबा**

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

**सा विद्या या विमुक्तये।**

માણસ બદ્ધ છે, અજ્ઞાન છે, કુવાસનાઓથી ઘેરાયેલો છે, પરિસ્થિતિથી જકડાયેલો છે તેથી તેનો આત્મા દબાઈ ગયો છે, વિકાસને માટે તેને અવકાશ નથી મળતો. આ બધાં બંધનોમાંથી જે મુક્ત કરે તે જ સાચી કેળવણી. શરીરને રોગ અને દુર્બળતાથી મુકત કરે, બુદ્ધિને અજ્ઞાન અને ખોટા વિચારમાંથી મુકત કરે, હાથપગ વગેરે કર્મેન્દ્રિયોને જડતાથી મુકત કરે, મનને લાલચ, ભય અને ક્ષુદ્ર સ્વાર્થ જેવી કુવાસનાઓથી મુકત કરે, હૃદયને કઠોરતાથી તેમ જ ખોટી લાગણીથી મુક્ત કરે, આખા માણસને મનુષ્યસમાજને પ્રાકૃતિક, સામાજીક, આર્થિક, રાજકીય, બૌદ્ધિક વગેરે સર્વ દાસ્યોમાંથી મુક્ત કરે, રસવૃત્તિને વિલાસમાંથી મુક્ત કરે, શકિતને મદમાંથી મુક્ત કરે, આત્માને કૃપણતા કે અહંકારના પંજામાંથી મુક્ત કરે, તે જ વિદ્યા – તે જ 'કેળવણી'.

**अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः** એ વસ્તુસ્થિતિ છે. એમાંથી જે મુકિત આપે તે વિદ્યા.

મોક્ષ અથવા સ્વતંત્રતા એ આપણો ધાર્મિક, સામાજીક અને આર્થિક આદર્શ છે, કેળવણીનો પણ એ જ આદર્શ છે. આજીવિકાની સ્વાધીનતામાં જ જન્મસાફલ્ય છે, પરાધીનતાથી મરણ કંઈ જુદું નથી, એવો આપણા પૂર્વજોનો નિશ્ચય છે.

**एतद्धि जन्मसाफल्यं यदनायत्तवृत्तिता।**
**ये पराधीनतां यातास्ते चेज्जीवन्ति, के मृताः ?॥**

માટે કેળવણીથી જન્મસાફલ્ય કરવું હોય તો સ્વતંત્ર આજીવિકાનો પ્રશ્ન કેળવણીએ ઉકેલવો જોઈએ. આયત્તવૃત્તિનું મરણ કેળવણીથી ન ટળે તો એ કેળવણી શાની ? પણ કેળવણી માણસની પોતાની આજીવિકા જ આપે એટલું બસ નથી. જંગલનાં પશુ પણ સ્વતંત્ર રહીને પોતાની આજીવિકા મેળવે છે. કેળવણીને લીધે પરોપકાર કરવાની વૃત્તિ પેદા થવી જોઈએ. જે સમાજમાં આપણે રહીએ છીએ તે સમાજની – એકલા માનવી સમાજની નહીં પણ આખી જીવસૃષ્ટિની સેવા કરવાની વૃત્તિ અને શક્તિ કેળવણી આપણને ન આપે તો કેળવણીએ આપણને માણસ બનાવ્યા નહીં ગણાય.

**यन्न भूतहितार्थाय तत्पशोरिव चेष्टितम्।**

કેળવણીથી ધર્મબુદ્ધિ (Conscience) જાગ્રત થવી જોઈએ (ધાર્મિક). કેળવણીથી કુવાસનાનો નાશ થવો જોઈએ (નૈતિક). કેળવણીથી સર્વ જાતનું જ્ઞાન મળવું જોઈએ (બૌદ્ધિક). તો જ કેળવણીથી મોક્ષનો આદર્શ સચવાય (આધ્યાત્મિક).

**श्रुत्वा धर्मं विजानाति श्रुत्वा त्यजति दुर्मतिम्।**
**श्रुत्वा ज्ञानमवाप्नोति श्रुत्वा मोक्षं च विन्दति॥**

લોકોની નીતિમત્તા પોલીસખાતું રાખવાથી અથવા ગામડે ગામડે ન્યાયની અદાલત સ્થાપવાથી જળવાતી નથી. સાચી કેળવણીથી જ તે કામ થાય છે. જો સમાજમાં ધર્માધર્મનું જ્ઞાન અથવા ન્યાયબુદ્ધિ ઓછાં થયાં હોય તો રાજાએ જાણવું કે કેળવણીમાં ખામી છે. ધર્માત્મા રાજાએ હંમેશાં જાગ્રત રહીને સાચી કેળવણી આપવી જોઈએ.

**धर्माधर्मौ न जानाति लोकोऽयं विद्यया विना।**
**तस्मात्सदैव धर्मात्मा विद्यादानपरो भवेत्॥**

જેની પાસેથી આપણે કેળવણી મેળવીએ છીએ – પછી તે કેળવણી ગમે તે જાતની હોય – તેનો ધર્મ ધીમે ધીમે આપણામાં ઊતરે છે. આપણા જૂના આદર્શમાં વિદ્યા અને તપ બંનેનું મહત્ત્વ સરખું હતું. તપમાં જ સામર્થ્ય છે તે આપણા લોકો જાણતા. **तपो विद्या च विप्रस्य निःश्रेयसकरं परम्॥** વિદ્યા તેજસ્વી હોવી જોઈએ. ગમે તે પરિસ્થિતિમાં પોતાનો અભ્યુદય કરી લેતાં કેળવાયેલા માણસને આવડવું જોઈએ.

(સાભારઃ કાલેલકર ગ્રંથાવલિ–૪ઃ કેળવણી વિષયક લેખો. સંપા. સુંદરમ અને ઉમાશંકર જોશી.)

**તા. ૧૪ જુન, ૨૦૨૨**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### ધ્વજારોહણ (રાષ્ટ્રધ્વજ)

જેને ઓઢવામાં આપણે સૌ લોકોને ગર્વ એવા રાષ્ટ્રધ્વજની છત્રછાયામાં તમામ વિદ્યાર્થીઓ રહે અને રાષ્ટ્રકાર્યમાં અવિરતપણે સતત આગળ વધતા રહે અને તેમનામાં રાષ્ટ્ર પ્રત્યેની રાષ્ટ્રભાવના ઉજાગર કરવાના ઉદેશ્ય સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૨૩–૦૫–૨૦૨૨નાં રોજ સવારે ૦૯:૨૦ કલાકે યુનિવર્સિટીના ૫૮માં સ્થાપના દિવસ નિમિત્તે ૧૦૦ ફુટની ઉંચાઈ પર 'ધ્વજારોહણ (રાષ્ટ્રધ્વજ)'નો કાર્યક્રમ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના વરદ હસ્તે યુનિવર્સિટી પરિષરના વહીવટી ઉદ્યાનમાં રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં આર્યુવેદ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મુકુલભાઈ પટેલ, યુનિવર્સિટીના ઈ.ચા.કુલસચિવશ્રી એ.વી.ધડૂક, સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રીઓ, વિવિધ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ તેમજ સુરત શહેરમાં આવેલ કોલેજોના આચાર્યશ્રીઓ અને એનએસએસના સક્રિય સ્વયંસેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


















## વૃક્ષારોપણ કાર્યક્રમ

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. જયદિપ ચૌધરીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા તા. ૫–૬–૨૦૨૨, રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 'વૃક્ષારોપણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. જયદિપ ચૌધરી, પરીક્ષા નિયામકશ્રી એ.વી.ધડુક તેમજ વિવિધ વિભાગના વડાશ્રીઓ અને પ્રાધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સુરત શહેરની જુદી જુદી કોલેજોના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં હાજર તમામ વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને વ્યવસ્થા એન.એસ.એસ.વિભાગના પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવેલ હતું.















## વર્કશોપ

નેશનલ એજ્યુકેશન પોલીસી ૨૦૨૦ અંતર્ગત ગુજરાત રાજ્યની સ્ટેટ યુનિવર્સિટીઓમાં અભ્યાસક્રમોમાં સમાન ક્રેડિટ સ્ટ્રકચર, ૪ વર્ષનો Honours અભ્યાસક્રમ, એકેડેમિક બેંક ઓફ ક્રેડીટ (ABC) અને NEP 2020 ની અન્ય જોગવાઈઓના વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સરળ અમલીકરણ માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના NEP Cell ના તજજ્ઞો દ્વારા વિશેષ માર્ગદર્શન માટે યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીના ડીનશ્રીઓ, તમામ બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રીઓ, કો–ચેરમેનશ્રીઓ, યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ અને અધ્યાપકશ્રીઓ માટે Consultative Workshop on Implementation of Nep 2020નું આજ તા. ૫–૫–૨૦૨૨ના રોજ યુનિવર્સિટીના સેનેટ હોલ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૯૦ સભ્યો રૂબરૂ અને ૧૦૦ સભ્યો Online જોડાયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ઇન્ચાર્જ કુલસચિવશ્રી, ડૉ. જયદીપ ચૌધરી દ્વારા ઉપસ્થિત તજજ્ઞો અને ઉપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત સંબોધન કરવામાં આવેલ હતું. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા દ્વારા ઓનલાઈન જોડાઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી દ્વારા NEP 2020 અંતર્ગત કરવામાં આવેલ વિવિધ જોગવાઈઓના અમલ માટે Board of Studies એકેડેમિક કાઉન્સિલ, સિન્ડિકેટ અને સેનેટના સભ્યશ્રીઓનો સાથ સહકાર આપવા માટે આભાર વ્યકત કર્યો હતો અને તથા આગામી સમયમાં પણ NEP ના અમલીકરણ દરમ્યાન ઉપસ્થિત થતા પ્રશ્નોનું સાથે મળી સમાધાન કરવાની આશા વ્યકત કરી હતી.

ત્યારબાદ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ના NEP Cell સભ્ય ડૉ. સાગર દવે દ્વારા NEPની વિવિધ જોગવાઈઓ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. ત્યારબાદ ડૉ. શૈલેન્દ્રસિંહ વાઘેલા દ્વારા અભ્યાસક્રમોના ક્રેડિટ સ્ટ્રકચર અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું તથા ડૉ. મહેન્દ્ર શાહ દ્વારા નેશનલ એકેડેમિક ડિપોઝિટરી અને એકેડેમિક બેંક ઓફ ક્રેડીટ વિશે ઉંડાણપૂર્વક સમજ આપવામાં આવેલ હતી. યુનિવર્સિટીના કોમ્પ્યૂટર સાયન્સ વિદ્યાશાખાના ડીન શ્રી સ્નેહલ જોશી દ્વારા Roadmap of VNSGU on NEP 2020 અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવેલ હતું. તજજ્ઞો દ્વારા યુનિવર્સિટી દ્વારા NEP 2020 ના અમલીકરણ માટે કરવામાં આવેલ પહેલની પ્રશંસા કરી હતી. અંતે તજજ્ઞો દ્વારા ઉપસ્થિત સભ્યોના વિવિધ પ્રશ્નોનો ઉત્તર અને માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ યુનિવર્સિટીના NEP Cellના નોડલ ઓફિસર ડૉ. યોગેશ વાંસિયા દ્વારા કરવામાં આવેલ હતી.





















## ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પંચપ્રકલ્પ વિભાગ દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાની અધ્યક્ષતામાં તા. ૧૩–૦૫–૨૦૨૨નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે આઝાદી કા અમૃત મહોત્સવ શ્રેષ્ઠ ભારત કે પાંચપ્રકલ્પ અંતર્ગતના એક પ્રકલ્પ 'ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી' વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા, મુખ્ય વક્તા તરીકે ગૌ સેવા ગતિવિધિ પ્રાંત સંયોજક શ્રી ઘનશ્યામભાઈ સિતાપરા અને યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ધડુક ઉપસ્થિત રહ્યા હતા. આ વેબિનારની શરૂઆત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના આશિર્વચન દ્વારા થઈ હતી. આપણા દેશના સન્માનીય વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પણ ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી, સજીવ ખેતીને વિશેષ મહત્ત્વ આપવામાં આવેલ છે. ભારતની જમીનને કેવી રીતે રસાયણ મુકત ફળદ્રુપ બનાવી શકાય ? તેમજ સજીવ ખેતી શું ? પ્રાકૃતિક ખેતીના વિવિધ ફાયદા અને તેનું મહત્વ જણાવ્યું સાથે કેન્સર જેવા ભયાનક રોગો મોટી સંખ્યામાં વધી રહ્યા છે કારણ ખેતીમાં અને શાકભાજીના ઉત્પાદનમાં થતો રસાયણિક ખાતરનો ઉપયોગ જેનાથી આવા અસંખ્ય રોગો મનુષ્યમાં જોવા મળે છે. તેનાથી બચવા માટે આવનારા સમયમાં ગૌ આધારિત પ્રાકૃતિક જ એક માત્ર સમાધાન છે એની જાગૃતિ સમાજ સુધી લાવવી અને દેશનો ખેડૂત આ દિશામાં આગળ વધે અને સંકલ્પિત બને આ પ્રકારનું આહવાન વેબિનારમાં શ્રી ઘનશ્યામભાઈ સિતાપરા દ્વારા સમજાવવામાં આવેલ હતું. આ વેબિનારમાં કાર્યક્રમ પ્રસ્તાવના અને વિષયની ભૂમિકા પંચપ્રકલ્પ વિભાગના પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. અજય પટેલ, નુતન ગ્રામ વિદ્યાપીઠ, થવા દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમને યુનિવર્સિટીના અધિકૃત સોશીયલ મીડિયા પ્લેટફોર્મ પરથી લાઈવ કરવામાં આવેલ હતો જેમાં BRS, MRS, BSW, MSW, કોલેજના તેમજ વિવિધ કોલેજોના આચાર્યશ્રી, પ્રાધ્યાપકશ્રી અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.





## યંગ રિસર્ચર કોન્ફરન્સ

રાજ્યભરની વિવિધ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહેલા પીએચ.ડી.નાં વિદ્યાર્થીઓને સંશોધનનું સચોટ માર્ગદર્શન મળી રહે તે માટે તા. ૧૦ અને ૧૧ મે, ૨૦૨૨ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને રીસર્ચ ફોર રીસરજંસ ફાઉન્ડેશન, Idea and Innovation and Start-up Cell, Institution Innovation Council અને વિજ્ઞાન ગુર્જરીના સંયુક્ત ઉપક્રમે પીએચ.ડી. ફેસિલીટેશન સેન્ટર દ્વારા "યંગ રિસર્ચરસ પરિષદ" નું આયોજન કરવામાં આવ્યું હતું.

યુવા સંશોધકો દ્વારા અને યુવા સંશોધકો માટે આયોજીત આ કોન્ફરન્સમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રા. ડૉ. અમી ઉપાધ્યાય, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, સુરતના ડાયરેકટર પ્રા. ડૉ. જે. એસ. ભટ્ટ, કુલપતિશ્રી ડૉ. કે. એન. ચાવડા, ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, આઈ.આઈ.ટી. મુંબઈના પ્રા.ડૉ.આશિષ પાંડે, સિડિકેટ સભ્ય તથા ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા ડૉ.કે.સી.પોરિયા, સેનેટ સભ્ય શ્રી ભાવિન પટેલ, પ્રા. ડૉ. શ્રીધર નિમાવત, પ્રા. ડૉ. પરેશ જોષી અને પ્રા. ડૉ. પરેશ પરેખ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં રિસર્ચ ફોર રિસર્જન્સ ફાઉન્ડેશન, નાગપુરના સંયોજક ભુજંગ બોબડેજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિ ડૉ. અમી ઉપાધ્યાયે યુવા સંશોધકોને રિસર્ચ અંગેના મહત્ત્વનાં પાસાંઓ તેમજ નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ અંતર્ગત રિસર્ચ અંગેની માહિતી આપી હતી તેમજ વિદ્યાર્થીઓને ઉપયોગી સંશોધન કરવા માટેનું વિશેષ માર્ગદર્શન પણ પુરું પાડવામાં આવ્યું હતું.

આ કોન્ફરન્સ સંશોધન કરી રહેલા વિદ્યાર્થીઓ દ્વારા આયોજીત કરવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં ગુજરાતની તમામ યુનિવર્સિટીમાં પીએચ.ડી.નો અભ્યાસ કરી રહેલા ૪૫૦ કરતા વધારે સંશોધનકર્તાઓ જોડાયા હતા. આ કોન્ફરન્સમાં સંશોધનાર્થીઓએ પોતાનાં રિસર્ચ પેપર પણ રજુ કર્યા હતા. પ્રથમ દિવસે નિષ્ણાંતો દ્વારા ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓને સંશોધનલક્ષી માર્ગદર્શન આપવા સાથે જરૂરી સૂચનો કર્યા હતા. તદ્ઉપરાંત તા. ૧૧ મે, ૨૦૨૨ના રોજ સાંજે ૫:૦૦ કલાકે આ પરિષદમાં બેસ્ટ પેપર પ્રેઝન્ટેશન કરનાર સંશોધનકર્તાઓને કુલપતિશ્રી ડૉ.કે.એન.ચાવડા હસ્તક એવોર્ડ તથા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ આ પરિષદમાં ભાગ લેનાર તમામ સંશોધનકર્તાઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ "યંગ રિસર્ચરસ પરિષદ"નું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ કુલપતિશ્રી ડૉ.કે.એન.ચાવડા તથા તમામ યુવા સંશોધનકર્તાઓએ પરિષદના તમામ આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો.










## સ્પોર્ટ્સ ફેસ્ટીવલ ૨૦૨૨

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત દ્વારા 'ફીટ ઇન્ડિયા મુવમેન્ટ' અંતર્ગત તથા 'આઝાદી કા અમૃત મહોત્સવનાં ભાગરૂપે સ્પોર્ટ્સ ફેસ્ટીવલ ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફેસ્ટીવલ અંતર્ગત ક્રિકેટ, ખો–ખો, વોલીબોલ, કબ્બડી અને હોકીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૧૬ અને ૧૭ મે, ૨૦૨૨ના રોજ વોલીબોલમાં ભાઇઓ કુલ ૧૭ ટીમોએ અને બહેનોની કુલ ૧૭ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં અંડર ૨૫ ભાઈઓ વૉલીબોલ મેચમાં પ્રથમ ક્રમાંક પર જલારામ પિપલોદ ટીમ અને દ્વિતિય ક્રમાંક પર સુરત સ્પાઇકર વિજેતા થયેલ જ્યારે અંડર ૪૫ ભાઈઓ વૉલી બોલ મેચમાં પ્રથમ ક્રમાંક પર સુરત સ્પાઇકર ટીમ અને દ્વિતીય ક્રમાંક પર સાબર ગામ સ્પાઈકર વિજેતા થયેલ. જ્યારે અંડર ૧૯ બહેનોની વોલીબોલ મેચમાં પ્રથમ ક્રમાંક પર સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત ટીમ અને દ્વિતીય ક્રમાંક પર વનિતા વિશ્રામ ટીમ વિજેતા થયેલ તેમજ અંડર ૨૫ બહેનોની વોલીબોલ મેચમાં પ્રથમ ક્રમાંક પર સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત ટીમ અને દ્વિતીય ક્રમાંક પર એમ.ટી.બી–૧ વિજેતા થયેલ આ ઉપરાંત અંડર ૪૫ બહેનો ની વૉલી બોલ મેચમાં પ્રથમ ક્રમાંક પર SKPCC ટીમ અને દ્વિતીય ક્રમાંક પર Super-7 ટીમ વિજેતા થયેલ. આ સ્પર્ધાનું આયોજન યુનિવર્સિટી ઈન્ડોર સ્ટેડિયમમાં કરવામાં આવ્યું હતું. આ રમતના શુભ પ્રારંભે કુલપતિશ્રી ડૉ. કે. એન.ચાવડાએ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો તથા યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગનાં સ્ટાફ દ્વારા આ સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.





















## સ્પોર્ટ ટુર્નામેન્ટ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા 'ફીટ ઈન્ડિયા' અને 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ક્રિકેટ, ખો–ખો, કબડ્ડી, વોલીબોલ, હોકી અને ચેસની ટુર્નામેન્ટનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરી ચુકેલ અને અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈઓ તથા વિદ્યાર્થિની બહેનો માટે તથા તેમના પરિવારજનો માટે તા. ૯ મે, ૨૦૨૨નાં રોજથી યુનિવર્સિટી પરીસર ખાતે કરવામાં આવેલ છે. આ માટેના રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ http://vnsgu.info લિંક પરથી ભરવામાં આવ્યા હતા. યુનિવર્સિટી દ્વારા દરેક રમતમાં વિજેતા થનાર ટીમને રૂા. ૨૧૦૦૦/– અને રનર્સઅપ ટીમને રૂા. ૧૧૦૦૦/– ઉપરાંત વિવિધ પુરસ્કાર આપવામાં આવનાર છે તેમજ રમતને અનુરૂપ વ્યકિતગત ઈનામ પણ આપવામાં આવશે.






## સ્પોર્ટ્સ ફેસ્ટિવલ : શુભારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા આયોજિત 'સ્પોર્ટ્સ ફેસ્ટિવલ' નું તા. ૦૮–૦૫–૨૦૨૨ના રોજ સાંજે ૫:૦૦ કલાકે યુનિવર્સિટીના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા શુભારંભ કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રીએ વિવિધ રમત–ગમતમાં ભાગ લેનારા તમામ ખેલાડીઓને ખુબ જ પ્રેરક અને પ્રોત્સાહનજનક વકતવ્ય આપ્યુ હતુ. તેમજ વધુમાં જણાવ્યું હતુ કે, આ રમત ગમત ફેસ્ટિવલ એ 'ફીટ ઈન્ડિયા' હેઠળની એક પહેલ છે. ખેલાડીઓમાં શારીરિક તેમજ માનસિક તંદુરસ્તી માટે જાગૃતિ લાવવાની આ એક પહેલ છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સાથે જોડાયેલ ભૂતપૂર્વ/વર્તમાન બધા જ વિદ્યાર્થીઓ/ખેલાડીઓ ભાગ લઈ શકે તે એક માત્ર હેતુ થી ક્રિકેટ, ખો–ખો, કબડ્ડી, હોકી, વોલીબોલ, ચેસ જેવી વિવિધ રમત ગમતના કાર્યક્રમોનું આયોજન કરેલ છે.

રમત ગમત ફેસ્ટિવલના આ શુભારંભ પ્રસંગે અન્ય મહાનુભાવોની હાજરી પ્રસંશનિય હતી. આ પ્રસંગે બોર્ડ ઓફ ચેરમેન (સ્પોર્ટ્સ) ડૉ. શ્રી વિનોદભાઈ પટેલ તથા બોર્ડ ઓફ ડાયરેકટર (સ્પોર્ટ્સ) શ્રી પોલ ડેવિડ હાજર રહ્યાં હતા. તેમજ તેઓ દ્વારા વધુમાં વધુ ખેલાડીઓ આ વિવિધ રમત–ગમતમાં ભાગ લેવા પ્રેરાય તે માટે પ્રોત્સાહનજનક રીતે આહવાન કર્યુ હતુ. શુભારંભ બાદ ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાગ લેનાર 'શાનદાર સિન્ડિકેટ' અને 'અડાજણ એવેન્જર્સ'ના ટીમના દરેક ખેલાડીઓને શુભેચ્છા તેમજ અભિનંદન પાઠવ્યા હતા.
























## Ph.D.

Notification Received in the University Library during the 23rd December 2021 to 26th May 2022.

### BIOSCIENCE

1. Rachh, Maulik Harshadbhai. A Strategic Approach for Systematic Studies of Microrna Expression and Function in Human Cancer. (Guide: Dr. P. V. Desai, Ex Professor & Head, Department of Bioscience, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No. 2633.

### BIOSCIENCE (BIOTECHNOLOGY)

1. Bera, Sweta Parimita. Bioremediation of textile effluents using microbial culture. (Guide: Dr. S. K. Tank, Ex Professor & Head, Department of Bioscience, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2649.

### BIOSCIENCE (MICROBIOLOGY)

1. Balsara, Aparna Dilip. Characterization and optimization of thermoalkaliphilic lipase producing bacteria. (Guide: Dr. Rekha Rameshdan Gadhvi, Assistant Professor, Department of Biotechnology, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2676.

### CHEMISTRY

1. Maisuriya, Pratikkumar Kiritbhai. Newer pyridine, thiophene, benzothiazole and piperazine scaffolds: synthesis, computational studies & their biological significance. (Guide: Dr. N. B. Patel, Ex. Professor & Head, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No. 2657.

### COMMERCE/ACCOUNTANCY

1. Gajjar, Trusha Prakashbhai. Financial performance: A comparative study of selected automobile companies in india. (Guide: Dr. Rupali A. Shah, Principal, Akhand Anand Arts & Commerce College, Surat). Ph.D. Notification No.2669.

2. Mahida, Sonal Pravinsinh. Analysis of financial performance of selected public and private sector oil & gas companies in india. (Guide: Dr. K. N. Chavda, Vice Chancellor, Veer Narmad South Gujarat Uni., Surat). Ph.D. Notification No.2653.

3. Shah, Priti Sureshbhai. A study on working capital management of selected cemen companies in india. (Guide: Dr. B. N. Dhimmar, Associate Professor, J.Z.Shah Arts & H. P. Desai Commerce College, Amroli, Surat). Ph.D. Notification No.2652.

**COMMERCE/STATISTICS**

1. Mehta, Badalkumar Puranmal. A Study of online and offline buying behavior of consumers of electronic items : with special reference to surat city. (Guide: Dr. Harshad M. Tandel, Associate Professor, Smt. C.D.J. Rofel Arts & Smt. I.S.R.A. Commerce College, Vapi). Ph.D. Notification No.2639.

**DERMATOLOGY**

1. Patel, Yogeshkumar Ukkadbhai. Role of PRP (Platelet Rich Plasma) in Various Dermatological Conditions. (Guide: Dr. D. D. Umrigar, Ex. Professor & Head, Department of Dermatology, Government medical College & New Civil Hospital, Surat). Ph.D. Notification No.2646.

**ECONOMICS**

1. Khurana, Nisha. Comparative study of Corporate social responsibility spending of the selected enterprises in surat. (Guide: Dr. Ashish N. Pandya, Associate Professor, S.P.B. English Medium College of Commerce, Surat). Ph.D. Noti. No.2637.

2. Rohit, Pareshkumar Dahyabhai. ૨૦૦૦ પછી ખેડા અને આણંદ જિલ્લામાં પાકની તરાહમાં આવેલ પરિવર્તનનો વિશ્લેક્ષણાત્મક અભ્યાસ. (Guide: Dr. Vijaykumar A. Joshi, Principal, M. K. College of Commerce, Bharuch). Ph.D. Notification No.2683.

3. Solanki, Sudhir Kantibhai. અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં બાંધકામ શ્રમિકોની સામાજિક–આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ : સુરત શહેરનાં વિશેષ સંદર્ભમાં . (Guide: Dr. Yogesh N. Vansiya, Assistant Professor, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2679.

4. Trivedi, Sapanaben Jashavantbhai. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમપાયાના એકમોની સમસ્યાઓ અને વિકાસની શક્યતાઓ–વલસાડ જિલ્લાના સંદર્ભમાં એક અભ્યાસ. (Guide: Dr. Hemali A. Desai, Principal, Smt. C.D.J. Rofel Arts & Smt. I.S.R.A. Commerce College, Vapi). Ph.D. Notification No.2678.

**EDUCATION**

1. Shah, Medhaben Bankimkumar. Effectiveness of inquiry method for teaching physics to the engineering students. (Guide: Dr. Rajendra B. Patel, Professor & Head, Department of Education, Veer Narmad South Gujarat Uni., Surat). Ph.D. Notification No.2650.

**ENGLISH**

1. Desai, Sapna Madhav. Gender issues in children's literature : A study of select texts. (Guide: Dr. Rakesh Desai, Professor & Head, Department of English, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2677.

2. Talaviya, Chandravali Jagdishbhai. Language poetry : an extremity of the avant-garde in postmodern poetry. (Guide: Dr. Paresh B. Joshi, Professor, Department of English, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2659.

3. Usmani, Raeesabegam Jabinulhaq. Augmenting writing skills of the ESL learners at the tertiary level using multimedia technology. (Guide: Dr. Sunilkumar Shah, Associate Professor, Department of English, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2665.

**GUJARATI**

1. Bhoya, Jagdishbhai Mohanbhai. કુંકણા લોકસાહિત્યમાં સામાજિક–સાંસ્કૃતિક મૂલ્યોનું નિરૂપણ. (Guide: Dr. Jayantibhai Chaudhari, Principal, Shri Morarji Desai Arts & Commerce College, Buhari). Ph.D. Notification No.2656.

2. Chaudhari, Hetalbehen Mukeshbhai. ચૌધરી સમાજનું પરંપરાગત મૌખિક સાહિત્ય : એક ભાષાકીય અધ્યયન. (Guide: Dr. Jayantibhai Chaudhari, Principal, Shri Morarji Desai Arts & Commerce College, Buhari). Ph.D. Notification No.2655.

3. Chaudhari, Sangitaben Balubhai. ગુજરાતી આત્મકથામાં પ્રગટતું સર્જક વ્યકિતત્ત્વ( પસંદગીની કૃતિઓનાં સંદર્ભે – એક અભ્યાસ). (Guide: Dr. Jayantibhai Chaudhari, Principal, Shri Morarji Desai Arts & Commerce College, Buhari). Ph.D. Notification No.2654.

4. Panchal, Aarti Bharatkumar. પસંદગીની પૌરાણિક નવલકથાઓમાંથી ઊપસતાં સાંપ્રત મૂલ્યો : એક અભ્યાસ. (Guide: Dr. Merubhai Vadher, Smt. R. P. Chauhan Arts & Smt. J. K. Shah & Smt. K.D. Shah Commerce College, Vyara, Tapi). Ph.D. Notification No.2670.

5. Patel, Pritiben Amrutlal. ૨૧મી સદીના બીજા દાયકામાં પ્રગટ થયેલ ગુજરાતી સામાયિકોમાં નિરૂપાયેલી નારી સંવેદના (નવનીત સમર્પણ, શબ્દસૃષ્ટિ, તથાપિ, પરબ, કુમાર સંદર્ભે). (Guide: Dr. Bharat Thakor, Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat Uni., Surat). Ph.D. Notification No. 2660.

**HINDI**

1. Patel, Bhavikaben Shankarbhai. डॉ. शंकर शेष के नाटक : तात्विक विशलेषण. (Guide: Dr. Mukesh D. Patel, Assistant Professor, MRD Arts & EELK Commerce College, Chikhli, Navsari). Ph.D. Notification No. 2645.

2. Patel, Nehalben Ramanbhai. कमलेश्वर के उपन्यासों का अनुशीलन. (Guide: Dr. Rajeshbhai A. Patel, Principal, Gov. Arts & Commerce College, Fort Songadh, Tapi). Ph.D. Notification No.2674.

3. Patel, Pranavkumar Jamsubhai. एकांकीकार उपेन्द्रनाथ 'अश्क' : एक अध्ययन. (Guide: Dr. Rajesh A. Patel, Principal, Govt. Arts & Commerce College, Fort Songadh, Tapi). Ph.D. Notification No.2673.

4. Patel, Subhashbhai Natubhai. भगवतीचरण वर्मा के उपन्यासों में भारतीय समाज. (Guide: Dr. Mukesh D. Patel, Assistant Professor, MRD Arts & EELK Commerce College, Chikhli, Navsari). Ph.D. Notification No. 2675.

**HISTORY**

1. Trivedi, Anitaben Nalinbhai. ઈ.સ.૧૯૨૮–૧૯૪૯ દરમિયાન દક્ષિણ ગુજરાતની સ્ત્રીઓનું સ્વાધીનતા સંગ્રામ અને રચનાત્મક કાર્યોમાં પ્રદાન. (Guide: Dr. C. C. Chaudhari, Associate Professor, Z. F. Wadia Womens College & N. K. Jhota College of Commerce, Athwalines). Ph.D. Notification No.2634.

2. Vaidya, Dhara Bharatkumar. દક્ષિણ ગુજરાતની અનાવિલ જ્ઞાતિ : એક અભ્યાસ. (Guide: Dr. C. C. Chaudhari, Associate Professor, Z.F.Wadia Womens College & N.K.Jhota College of Commerce,Athwalines). Ph.D. Notification No.2638.

**MANAGEMENT**

1. Gupta, Indrani Sen. Modelling and forecasting the volatility of stocks - A study of the sectoral indices of NSE. (Guide: Dr. Dhaval Maheta, Assistant Professor, G. H. Bhakta Management Academy, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2640.

2. Jariwala, Boni Rajendra. Transmission of pricing information of ADRS & GDRS and its integration with Indian stock market. (Guide: Dr. Munira Habibullah, Professor, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No. 2668.

3. Jhala, Pratha Satyapalsinh. A study on job related expectations of generation Z with special reference to management students of Gujarat. (Guide: Dr. Jaydip Chaudhari, Professor, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2635.

4. Jiandani, Namita Manesh. A comparative study of competency of branch employees with special reference to public and private sectore banks in mumbai and mumbai suburbs. (Guide: Dr. Dhaval Maheta, Assistant Professor, G.H.Bhakta Management Academy, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No. 2647.

5. Patel, Marteenkumar Harishbhai. A study on talent management practices of the surat diamond industry (An examination of select diamond units). (Guide: Dr. Janki Mistry, Assistant Professor, G. H. Bhakta Management Academy, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2651.

6. Das, Khushbu Jayeshkumar. Binet-Curves, subseqequences and insertion of terms for various generalized fibonaccl sequences.(Guide: Dr.D.V.Shah, Associate Professor, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2672.

**MATHEMATICS**

1. Patel, Gautamprasad Vishnuprasad. The semi-analytic solution of non-linear partial differential equations using reproducing kernel: method of lines. (Guide: Dr. Kaushal B. Patel, Assistant Professor, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2661.
2. Patel, Khushbu Dharmeshkumar. Differential transform method to study the mathematical models of malignant tumor growth and anticancer treatment. (Guide: Dr. D. C. Joshi, Professor & Head, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2664.
3. Prajapati, Mihirbhai Lallubhai. A study of non Newtonian fluid flow by using petrovgalerkin method. (Guide: Dr. D. C. Joshi, Professor & Head, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2671.
4. Shah, Mansi Samirbhai. Study of various generalized fibonomial numbers. (Guide: Dr. D. V. Shah, Associate Professor, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2663.

**MICROBIOLOGY**

1. Prajapati, Hirenbhai Vinodrai. Production, evaluation and characterization of laccase from *Trametes elegans* H6 and its application. (Guide: Dr. Faridaben P. Minocheherhomji, I/c. Principal, B. P. Baria Science Institute, Navsari). Ph.D. Notification No.2658.

**OPTOMETRY**

1. Mehta, Niravkumar Nareshchandra. "Correlation and analysis of cup disc ratio RNFL thickness (OCT), and perimetry changes in glaucoma patients. (Guide: Dr. Mahendrasinh Chauhan, Principal, Shree Bharatimaiya College of Optometry & Physiotherapy, Vesu road, Surat). Ph.D. Notification No.2644.
2. Patel, Chetnabahen Sureshbhai. Study of the visual outcome of bilateral implantation of the diffractive multifocal intraocular lenses in patients with cataracts. (Guide: Dr. Mahendrasinh Chauhan, Principal, Shree Bharatimaiya College of Optometry & Physiotherapy, Vesu road, Surat). Ph.D. Notification No.2642.
3. Sharma, Keyur Narendrakumar. An evaluation of objective visual outcomes and subjective visual experience after bilateral implantation of toric intraocular lenses". (Guide: Dr. Mahendrasinh Chauhan, Principal, Shree Bharatimaiya College of Optometry & Physiotherapy, Vesu road, Surat). Ph.D. Notification No.2648.
4. Varshney, Ankitkumar Sanjaybhai. A comparative study on visual outcomes in myopic astigmatic refractive error correction by customized femtosecond laser and mechanical microkeratome. (Guide: Dr. Mahendrasinh Chauhan, Principal, Shree Bharatimaiya College of Optometry & Physiotherapy, Vesu road, Surat). Ph.D. Notification No.2643.

**PUBLIC ADMINISTRATION**

1. Bhakkad, Mamtakumari Murarilal. Solid waste management : A case study of surat city. (Guide: Dr. Madhu M. Thawani, Assistant Professor, Department of Public Administration, Veer Narmda South Gujarat University, Surat). Ph.D. Notification No.2641.

**SANSKRIT**

**1.** Tandel, Yogeshkumar Naranbhai. મનુસ્મૃતિના વિચારોનો સાંપ્રત ભારતીય સમાજ ઉપર પ્રભાવ**.** (Guide: Dr. Hansaben A. Parmar, Associate Professor, Smt. J. P. Shroff Arts College, Valsad). Ph.D. Notification No.2682.

**2.** Vasava, Nishaben Jagadishbhai. यज्ञवल्क्यस्मृति में समाज एवं संस्कृति एक अध्ययन**.** (Guide: Dr. Bhavnaben Champaneri, I/c. Principal, M. T. B. Arts College, Surat). Ph.D. Notification No.2662.

3. Vaghela, Tejashkumar Khandubhai. આચાર્ય મમ્મટ, ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠી અને ડૉ. હર્ષદેવ માધવની કાવ્યવિચારણા (કાવ્યની વ્યાખ્યા, કાવ્યનાં હેતુ, ઉત્તમકાવ્ય, રીતિવિચારણા અને અલંકારવિચારણાનાં વિશેષ સંદર્ભમાં). (Guide: Dr. Rita Trivedi, M.T.B. Arts College,Surat). Ph.D. Notification No.2681.

## M.Phil.

Notification Received in the University Library during the 18th January 2022 to 5th April 2022.

**GUJARATI**

1. Vasava, Pushpaben Udesingbhai. અનુઆધુનિકયુગની ગુજરાતી લઘુકથાઓમાં વિષય વૈવિધ્ય: એક અધ્યયન (નટવર આહલપરા, હરીશ મહુવાકર, દુર્ગેશ ઓઝાનાં સંદર્ભમાં). (Guide: Dr. Rameshbhai Parmar, Assistant Professor, PRB Arts & PGR Commerce College, Bardoli). M.Phil. Notification No. 2029.

**MANAGEMENT**

1. Desai, Pranjal Niren. A study on financial numeracy and literacy among salaried women of bardoli region. (Guide: Dr. Vinod B. Patel, Professor, Department of Business & Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). M.Phil. Notification No.2031.
2. Kapadia, Hetal Krishnakant. To study strategic management of nylon plants located in south gujarat region. (Guide: Dr. Vinod B. Patel, Professor, Department of Business & Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). M.Phil. Notification No.2033.
3. Mehta, Pritiben Narendrakumar. Psychological influences on investment behavior of salaried investors in south gujarat. (Guide: Dr. Vatsal B. Patel, Assistant Professor, Department of Business & Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). M.Phil. Notification No.2032.
4. Saraf, Sneha Rajesh. A study on awareness and perception of investors (funders) towards crowdfunding in surat city. (Guide: Dr. Vinod B. Patel, Professor, Department of Business & Industrial Management, Veer Narmad South Gujarat Uni., Surat). M.Phil. Notification No.2034.

## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### જોબ ફેર





તા. ૬–૫–૨૦૨૨ને શુક્રવારના રોજ જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સુરત ખાતે ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના નેતૃત્વ હેઠળ જોબફેરનું આયોજન કરવામાં આવ્યું. જોબફેરી શરૂઆતમાં ઇન્ટરવ્યું આપવા આવનાર વિદ્યાર્થીઓને ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા તથા જીવન જયોત ટ્રસ્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. જેમાં ૧૫ જેટલી શિક્ષણ, બેંકિંગ એન્ડ ફાઈનાન્સ, ઇન્સ્યુરન્સ આઈ.ટી., ડાયમંડ, ટેક્ષ એકાઉન્ટીગ, એડમિનિસ્ટ્રેશન જેવા ક્ષેત્રોની કંપની હાજર રહી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન IQAC પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ. સેજલ એ. દેસાઈ, પ્રા. ડૉ. ચિરાગ કે. સિધ્ધપુરીયા તથા ટીમે કર્યુ હતુ. આ જોબફેરમાં ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આભાર વિધિ પ્રા. ડૉ. ચિરાગ કે. સિધ્ધપુરીયા દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરોલી કોલેજના શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓને સાથ સહકાર આપેલ હતો.

## વિશ્વ સાયકલ દિવસ : ઉજવણી



તા. ૩ જુન, ૨૦૨૨ને શુક્રવારના રોજ જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં ઇ.ચા.આચાર્ય શ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ સવારે ૧૦:૩૦ કલાકે વિશ્વ સાયકલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓએ હાજરી આપી હતી તેમજ એન.એસ.એસ., એન.સી.સી. તથા સ્પોર્ટ્સનાં કુલ ૩૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## કારકિર્દી માર્ગદર્શન : વેબિનાર

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોર્મસ કોલેજ, વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, અમરોલી દ્વારા ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન મહોત્સવની શરૂઆત થઈ ગઈ છે. ધોરણ ૧૨ પછી શું ? ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી શું ? સ્નાતક બન્યા પછી શું ? કારકિર્દી માર્ગદર્શન મહોત્સવનું તા. ૨૫–૫–૨૦૨૨ અને તા. ૨૬–૫–૨૦૨૨ને રોજ રાત્રે ૯:૦૦ કલાકે ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવેલ હતું.

મહોત્સવના ઉદ્દઘાટન સમારોહને સંબોધતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ આ કાર્યક્રમની અગત્યતા પર ભાર મૂકયો હતો. સમગ્ર મહોત્સવને કારણે વિદ્યાર્થીઓને સાચા સમયે, સારું અને સાચું માર્ગદર્શન મળશે તેવી આશા વ્યકત કરી હતી. પ્રથમ વેબિનારમાં મુખ્ય વકતા તરીકે ગજેરા વિદ્યાભવનના આચાર્યશ્રી ડૉ. રિતેશભાઈ અગ્રવાલએ વિદ્યાર્થીઓને અને વાલીઓને માર્ગદર્શન પૂરું પાડી પ્રોત્સાહિત કર્યા હતા તેમજ વિદ્યાર્થીઓ દ્વારા પુછાયેલા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા. આ વેબિનારમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રા. ડૉ. મેહુલભાઈ શાહ તથા અન્ય સ્ટાફ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ પ્રા. ડૉ. મેહુલભાઈ શાહે કરી હતી.

મહોત્સવમાં દ્વિતીય દિવસે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર મહોત્સવને કારણે વિદ્યાર્થીઓને સાચા સમયે, સારું અને સાચું માર્ગદર્શન મળશે તેવી આશા વ્યકત કરી હતી. દ્વિતીય વેબિનારમાં મુખ્ય વકતા તરીકે શિક્ષણ સર્વદા મેગેઝીનનાં તંત્રીશ્રી જયેશભાઈ બ્રહ્મભટ્ટએ વિદ્યાર્થીઓને અને વાલીઓને માર્ગદર્શન પૂરું પાડી પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી, સેલ્ફ ફાયનાન્સ કોલેજના કૉ. ઓડિનેટર શ્રી ધરિત ભાઈ નાયક, બી.સી.એ કોલેજના કૉ. ઓડિનેટર ડૉ. જયમીનભાઈ શુકલા તથા શ્રી વિરલભાઈ પોલિસવાલા વગેરેએ વિદ્યાર્થીઓ દ્વારા પુછાયેલા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા. આ વેબિનારમાં ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રા. ડૉ. મેહુલભાઈ શાહ તથા અન્ય સ્ટાફ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ શ્રી ધરિતભાઈ નાયકે કરી હતી.

## વિશ્વ પર્યાવરણ દિવસ





તા. ૫ જુન, ૨૦૨૨ને રવિવારના રોજ જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં સવારે ૧૧:૩૦ કલાકે ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પર્યાવરણના સંરક્ષણ પ્રત્યેની જાગૃતિ તથા વિદ્યાર્થીઓ માટે વૃક્ષરોપણનું મહત્ત્વ સમજાય તે હેતુસર વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોત્સાહન મળી રહે તે માટે કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડા અને સિન્ડિકેટ સભ્યશ્રી કનુભાઈ ભરવાડ તથા જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના

મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, જિલ્લા રોજગાર અધિકારીશ્રી પારૂલબેન પટેલ અને શ્રી બિપીનભાઈ માંગુકિયા, સુરત અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, સુરતના ડૉ. સંજયસિંહ બારડ તથા ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, સ્વનિર્ભર અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.મુકેશભાઈ ગોયાણી અને શાળાઓના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ડૉ. મયંકભાઈ સોઢા, અન્ય અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ, એન.એસ.એસ., એન.સી.સી. તથા રમતગમત અને શિક્ષણનાં સ્નાતક મળી કુલ ૩૨૪ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## રોજગાર ભરતી મેળો





તા. ૦૫ જુન, ૨૦૨૨ને રવિવારના રોજ મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, સુરત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતના તથા જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સવારે ૧૦:૩૦ કલાકે શિક્ષણ સ્નાતકો માટે રોજગાર ભરતી મેળાનું જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, સુરતના ડૉ. સંજયસિંહ બારડ તથા ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. દક્ષિણ ગુજરાતના શિક્ષણ સ્નાતક ઉમેદવારોને ખાનગી શાળાઓમાં નોકરી મળી રહે તે હેતુસર અને ભાવી શિક્ષકોને પ્રોત્સાહન મળી રહે તે માટે કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડાએ પ્રસંગોચિત્ત ઉદ્‌બોદન કરી ઉમેદવારોને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી કનુભાઈ ભરવાડ તથા જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, જિલ્લા રોજગાર અધિકારીશ્રી પારૂલબેન પટેલ અને શ્રી બિપીનભાઈ માંગુકિયા, સુરત અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, સુરતના ડૉ. સંજયસિંહ બરાડ તથા ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, સ્વનિર્ભર અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી અને શાળાઓના આચાર્યશ્રીઓ ઉમેદવારોને પ્રોત્સાહન માટે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સુરત, ભરૂચ અને નવસારી જિલ્લાની કુલ ૨૪ શાળાઓના પ્રતિનિધિઓએ હાજર રહી વિવિધ વિષયના શિક્ષકો માટેની ૨૦૦ થી વધુ જગ્યાઓ માટે ઉમેદવારોના ઈન્ટરવ્યુ લીધા હતા. શિક્ષક બનવા માટે હાજર રહેલ કુલ ૩૨૪ ઉમેદવારો પૈકી ૧૩૭ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે. જેમાં ડૉ. મયંકભાઈ સોઢા તથા અન્ય અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓએ હાજરી આપી. કાર્યક્રમનું સંચાલન ડૉ. મુકેશભાઈ ગોયાણીએ કર્યું હતું.

## વ્યાખ્યાન



તા. ૬ જુન, ૨૦૨૨ને સોમવારના રોજ જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં 'હું' અને મારું 'અંતઃકરણ' 'મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર' વિષય પર બપોરે ૧૨:૩૦ કલાકે વિદ્યાર્થીઓ માટે ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ આધ્યાત્મિક વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે અને પોતાના અભ્યાસમાં ઉપયોગી નિવડે તે હેતુસર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનના મુખ્ય વકતા તરીકે વિજ્ઞાની સાયન્ટીસ્ટ લલિત ફાઉન્ડર, યુજોમ લાઇફ સાયન્સ The Science of the Secret of the Secret 'હું' અને મારું 'અંતઃકરણ' 'મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર' વિષય પર આધ્યાત્મિકને સરળ ભાષામાં રજૂ કરી વિદ્યાર્થીઓને તથા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં Ladies Wing Co-ordinator Yujom Life Scienceનાં દિપ્તીબેન એલ.કાછડીયા અને School/ College Coordinator yujom Life scienceનાં ઉર્વીબેન પી. પરમાર, અધ્યાપક ડૉ. મેહુલ બી. શાહ અને ડૉ. મયંકભાઈ સોઢા તથા અન્ય અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓએ હાજરી આપી. કાર્યક્રમનું સંચાલન સોનલબેન કાકલોત્તર અને ડૉ. પ્રીતિબેન શાહે કર્યું હતું.

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ.કોલેજ, સુરત.

### દીક્ષાંત સમારોહ

શ્રી મહાવીર વિદ્યામંદીર ટ્રસ્ટ બી.એડ. કોલેજ પાંડેસરા ખાતે તા. ૧–૫–૨૦૨૨ના રોજ દીક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દીક્ષાંત સમારોહમાં સેમેસ્ટર–૪ના તાલીમાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન મેળવેલી સિદ્ધિઓને બિરદાવવામાં આવે છે. તેમજ શિક્ષકની તાલીમ પૂર્ણ કરી શિક્ષક ધર્મ સારી રીતે નિભાવવા માટે સંકલ્પ લેવડાવવામાં આવે છે. દીક્ષાંત સમારોહના મુખ્ય અતિથિ તરીકે ડૉ. પ્રીતિબેન ચૌહાણ (આચાર્યશ્રી, આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપી) રહ્યા હતા. આ દીક્ષાંત સમારોહમાં સંસ્થાના પ્રમુખ શ્રી સુધાકરજી માસ્ટર, પ્રધાનાચાર્ય ડૉ. રિદ્ધિબેન દેસાઈ, બી.સી.એ કોલેજના પ્રાધાનાચાર્ય હેમાંગભાઈ દેસાઈ તેમજ સંસ્થાના પ્રાધ્યાપકો અને તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. દીક્ષાંત સમારોહ બપોરે ૩ કલાકે દીપપ્રાગટય અને વંદના દ્વારા પ્રારંભ કરાયો હતો. આ કાર્યક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓમાં પ્રથમ ક્રમ હાંસિલ કરનારા તાલીમાર્થીઓને સન્માનિત કરાયા હતા. તેમજ સ્ટુડન્ટ ઓફ ધી કોલેજનો પુરસ્કાર ૨ વર્ષ દરમ્યાન અનેક પ્રવૃતિઓમાં અવ્વલ રહેનાર, ચારિત્રય, શૈક્ષણિક પ્રવૃતિઓમાં સહભાગી થનાર તાલીમાર્થીને આ પુરસ્કાર આપવામાં આવે છે. સ્ટુડન્ટ ઓફ ધી કોલેજનો પુરસ્કાર શર્મા દીપાને એનાયત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓમાં અવ્વલ રહેનાર પ્રશિક્ષણાર્થીઓને સન્માનિત કરાયા હતા. દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ ડૉ. પ્રીતિબેન ચૌહાણે તાલીમાર્થીઓને પ્રેરીત કરતું ઉદબોધન કર્યુ હતું. સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્ટરએ રાષ્ટ્રનો શિક્ષક કેવો હોવો જોઈએ તે અંગેનું જ્ઞાન તેમના ઉદબોધનમાં તાલીમાર્થીઓને જ્ઞાનનું ભાથું પીરસ્યું હતું. દીક્ષાંત સમારોહમાં પ્રાસંગિક ઉદબોધન પ્રધાનાચાર્ય ડૉ. રિદ્ધિબેન દેસાઈએ રજૂ કર્યુ હતું. સ્વાગત પરિચય પ્રા. જયશ્રી કાનાણીએ તો પ્રસંગોચિત ઉદબોધન ડૉ. બિન્નિબેન મહેતાએ રજૂ કર્યુ હતું. ત્યારબાદ સેમેસ્ટર–૪ના તાલીમાર્થીઓને સંકલ્પ પ્રા. અમિત સુરતીએ લેવડાવ્યા હતા. અન્ય તાલીમાર્થીઓએ આ કાર્યક્રમમાં બે વર્ષ દરમિયાન બી.એડ.ના યાદગાર પ્રસંગોને વર્ણવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન અને આયોજન પ્રા. પ્રિયંકા પટેલ અને ભાવિકા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદઘોષક તરીકે કુશ્પાકુમારી અને રાયા હર્ષિથાએ ભૂમિકા અદા કરી હતી. કાર્યક્રમને અંતે આભાર વિધિ પ્રા. અમૃત વળવી દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ રાષ્ટ્રગીતના ગાન બાદ છુટા પડયા હતા.


















**Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.**

**C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.**

## World Environment Day

C.N.Kothari Homoeopathic Medical College & Research Centre with & HMAI Vyara celebrated "World Environment Day" on 6th June 2022. In this activity all the staff members of college, Hospital, HMAI Vyara Unit members & students took part & also planted medicinal herbs & fruit plants in college campus. All the people took pledge to save environment by planting more trees. Whole activity was Co-ordinated by Activity Committee under the guidance of Principal Dr. Jyoti Rao.



## ઈન્ટર કોલેજ ચેસ ચેમ્પિયનશિપ–૨૦૨૨



ઉધના કોલેજના વિદ્યાર્થી ત્રિવેદી પાર્થ T.Y.B.C.A. એ એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ, પલસાણા દ્વારા આયોજિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ચેસ ચેમ્પિયનશિપમાં ૪ પોઈન્ટ સાથે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી છઠ્ઠું સ્થાન મેળવ્યું હતું. તેમજ વિવેકાનંદ ગ્લોબલ યુનિવર્સિટી, જયપુર ખાતે યોજાનાર ઓલ ઈન્ડિયા ચેસ ચેમ્પિયનશિપ માટે તેમની પસંદગી કરવામાં આવી હતી. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ તેમજ તમામ સ્ટાફ દ્વારા પાર્થને અભિનંદન તેમજ શુભેચ્છા પાઠવવામાં આવ્યા હતા.

## પોસ્ટર ક્રિએશન અને પ્રેઝન્ટેશન સ્પર્ધા

ઉધના કોલેજમાં 'ટેક આર્મી' કલબ (બી.સી.એ. પ્રોગ્રામ) હેઠળ T.Y.B.C.A. ના વિદ્યાર્થીઓ માટે "Ideas are us" (પોસ્ટર ક્રિએશન અને પ્રેઝન્ટેશન સ્પર્ધા)નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ફેનિલ લાઠીયા વિજેતા તેમજ રોહિત જોષી ઉપવિજેતા રહ્યા હતા. આ સ્પર્ધાનું આયોજન કોલેજ પ્રાધ્યાપકો પ્રા. સમીક્ષા એચ. ઝવેરી અને ડૉ. દિવ્યા આર. જરીવાલા દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્યશ્રી ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓડિનેટરશ્રી ડૉ. તેજસ ઘડિયાલીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



## ભરતી મેળો

ઉધના એકેડેમીક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કોલેજમાં તા. ૬–૫–૨૦૨૨નાં રોજ શ્રમ, કૌશલ્ય, વિકાસ અને રોજગાર વિભાગ, ગાંધીનગર, મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, સુરત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત દ્વારા યુવાનોને નોકરીની તકો પુરી પાડવા માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભરતી મેળામાં મુખ્ય મહેમાન ઉધના વિસ્તારના ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલે ઉપસ્થિત વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. આ પ્રસંગે અતિથિ વિશેષ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ધી સધન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીઝનાં પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી અને ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખશ્રી શ્રી ભાણજીભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ, સહ કેટેગરી શ્રી કેતનભાઈ શાહ હાજર રહી વિદ્યાથીઓને સંભોધન કર્યુ હતું. શ્રી એમ સી વસાવા નાયબ નિયામકશ્રી (રોજગાર) સુરત રિજિયન, શ્રીમતી પારૂલબેન પટેલ જિલ્લા રોજગાર અધિકારીશ્રી, શ્રી અમનદીપસિંઘ, સબ રીજીયનલ એમ્પ્લોયમેન્ટ ઓફિસર, NCS સેન્ટર ફોર ST/SC, સુરત (ભારત સરકાર), શ્રી દર્શનભાઈ પુરોહિત, પ્લેસમેન્ટ ઓફિસર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તેમજ શ્રી બિપિનભાઈ માંગુકિયા મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, સુરત પણ હાજર રહ્યા હતા. આ ભરતી મેળામાં ૨૪ કંપનીઓ અને ૬૯૬ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી જેમાંથી ૧૮૯ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા.

આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈએ આ પ્રસંગને સફળ બનાવવા યોગદાન આપનાર કોલેજનાં ઉપાચાર્ય, કો–ઓડિનેટર, તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓનો આભાર માન્યો હતો.









## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-5-2022 to 30-5-2022

| Detail | Description | April-2022 | |
|---|---|---|---|
| User | Visitors | 1926 | |
| | Internet Lab User | 16 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 4 | |
| | Research Scholars | 21 | |
| | Citizens | 0 | |
| | Non Teaching Staff | 0 | |
| | Online User | 15 | |
| | Total | | 1982 |

Soursce : Dr. Parul Patel, Technical Assistant, Circular Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| May-2022 | 385 | 410 |

Soursce : Dr. Parul Patel, Technical Assistant, Circular Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificarte |
|---|---|---|
| 1 | May-2022 | 9 |

Soursce : Dr. Parul Patel, Technical Assistant, Circular Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificarte |
|---|---|---|
| 1 | May-2022 | 6 |

Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificarte |
|---|---|---|
| 1 | May-2022 | 10 |

Soursce: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
I/c. University Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in